**આ પ્રશ્નપત્રમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૨૯ ફેબ્રુઆરી, ૨૦૦૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતાઓ રહેલી છે.**

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## પૂર્વ કસોટી : સત્સંગ પ્રવેશ : પ્રશ્નપત્ર - ૨

જાન્યુઆરી, ૨૦૦૪ — સમય : બપોરે ૨ થી ૪.૧૫ — કુલ ગુણ : ૭૫

વર્ગખંડમાં હાજર પરીક્ષાર્થીએ જાતે જ પોતાની વિગત દર્શાવતું સ્ટીકર લગાવવું. **સ્ટીકર વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

આ ચોરસમાં સ્ટીકર લગાવવું.

ગેરહાજર પરીક્ષાર્થીની જવાબવહી ઉપર સ્ટીકર **લગાવવાનું નથી.**

**પરીક્ષાર્થીએ જાતે ભરવાની વિગત**

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક (આંકડામાં) | | | | | | |

પરીક્ષાર્થીની ઉંમર ..................................................

પરીક્ષાર્થીનો અભ્યાસ ..................................................

પરીક્ષાર્થીએ લગાડેલ સ્ટીકર તથા ઉપરની વિગતોની સત્યાર્થતાની ચકાસણી કર્યા પછી જ વર્ગસુપરવાઇઝરે સહી કરવી.

વર્ગસુપરવાઇઝરની સહી ..................................................

| મોડરેશન કાર્યાલય માટે જ | પ્રશ્ન નં. | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૧. | |
| | ૨. | |
| | ૩. | |
| | ૪. | |
| | ૫. | |
| | ૬. | |
| | ૭. | |
| | ૮. | |
| | ૯. | |
| | ૧૦. | |
| | ૧૧. | |
| | કુલ | |

**નોંધ :-**

**૧.** મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલ પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યાં વગર વર્ગસુપરવાઇઝર પાસેથી પોતાની જ વિગત દર્શાવતું સ્ટીકર મેળવી લઈને પોતાની જ જવાબવહીના મુખ્ય પૃષ્ઠ ઉપર દર્શાવેલ જગ્યામાં ચોંટાડ્યા બાદ વર્ગસુપરવાઇઝરની સહી જવાબવહી ઉપર કરાવી લે.

**૨.** **વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

**૩.** જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નોના ગુણાંક દર્શાવે છે.

**૪.** પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપવા.

**૫.** છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં.

**૬.** પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા કાળી શ્યાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શ્યાહીથી લખેલ ઉત્તરો માન્ય ગણાશે નહીં.

પેપર તપાસનાર (પરીક્ષક) ની સહી

..................................................

## વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવેશ

**પ્ર.૧. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** **(૧૦)**

૧. ''પ્રગટ ભગવાન મળ્યા વગર કલ્યાણ નહિ થાય.''

કોણ : .................................................... કોને : ................................................

ક્યારે : ..........................................................................................................

૨. ''આપ ખાવિંદ મારા ધણી, આપના ખોળામાં મને બેસવાનું મળ્યું એ જ મારે પરચો.''

૩. ''મારું નામ આત્માનંદ છે. તે આજે સાર્થક કરું.''

૪. ''મારા પગ કાપી નાંખે તો હું ઢસડાતો ઢસડાતો જ્યાં સાધુનો એંઠવાડ નાંખે છે ત્યાં બેસું.''

૫. ''અહીં તો અમે અમારા અક્ષરધામ સહિત બિરાજીશું.''

**પ્ર. ૨. નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ સાત સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** **(૭)**

**ટૂંકનોંધ :- દુબળી ભટ્ટની ભક્તિની સત્યતા**

**૧.** મહારાજે ગોપીનાથ દેવની જય બોલાવી. **૨.** વેવાઈ કુસંગી હતા. **૩.** દરબારોનો પ્રશ્ન - શાની જય બોલાવી. **૪.** એકવાર દુબળી ભટ્ટ પોતાના વેવાઈને ગામ સવારે મહારાજની મૂર્તિ મૂકી માનસી પૂજા કરવા બેઠા. **૫.** તેમણે મશ્કરીમાં મૂર્તિ લઈ લીધી ને તેની જગ્યાએ જોડો મૂક્યો. **૬.** તમે તો ઘરબાર સાચવીને સેવા કરી છે. **૭.** વેવાઈ અંધ થતાં સૌને તેમની ભક્તિની સત્યતાનો ખ્યાલ આવ્યો. **૮.** આ કોની આંખ ફૂટી છે તે મૂર્તિની જગ્યાએ જોડો મૂક્યો. **૯.** આ ભક્તે એની બધી મૂડી અમારાં ચરણોમાં ધરી દીધી છે. **૧૦.** માનસીમાંથી જાગ્રત થતાં મૂર્તિની જગ્યાએ જોડો દીઠો. **૧૧.** તેમના વેવાઈની બંને આંખો બહાર આવી ગઈ. **૧૨.** જર્જરિત પાઘડીના છેડે બાંધેલી ગાંઠોમાંથી તેર દોકડા કાઢી મહારાજને આપ્યા.

**ફક્ત નંબર :** ☐ ☐ ☐ ☐ ☐ ☐ ☐

**પ્ર.૩. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **(૬)**

૧. જાલમસિંહ બાપુ કયા ગામના હતા ?

..........................................................................................................................

૨. ગુણાતીતાનંદ સ્વામીએ ભગવાનને વશ કરવા કયો ઉપાય બતાવ્યો છે ?

૩. કેવા સંત ગુરુ કરવા યોગ્ય ગણાય ?

૪. મોક્ષની બુદ્ધિ કોના પાસેથી શીખાય છે ?

૫. શ્રી સ્વામિનારાયણાષ્ટકમ્‌ના કેટલા શ્લોકો છે ?

૬. સચ્ચિદાનંદ સ્વામીએ ચાતુર્માસમાં કયો નિયમ લીધો ?

**પ્ર.૪. નીચે આપેલી 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** **(૬)**

૧. સત્સંગ થાય પણ ........................ **અથવા**

૨. કરોડ રૂપિયા ખર્ચે ...............................

( ) ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

**પ્ર.૫. નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક પૂરાં કરો.** (૪)

૧. છપૈયાપુરમાં ..........................................................................................................

..........................................................................................................ઉપજાવતો હો.

૨. *सर्वधर्मान* ..........................................................................................................;

..........................................................................................................*मा शुचः ।।*

૩. *दुष्प्राप्य मन्यैः* ..........................................................................................................,

..........................................................................................................,

..........................................................................................................,

.......................................................................................................... *नमामि ।।*

૪. *अपि भूरिकलं* ..........................................................................................................,

..........................................................................................................,

..........................................................................................................,

.......................................................................................................... *सर्वार्थदोडस्ति हि ।।*

## વિભાગ - ૨ : શાસ્ત્રીજી મહારાજ

**પ્ર.૬. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૧૦)

૧. ‘‘જમી લો. હવે પછી આવું વ્રત લેશો નહિ.’’

કોણ : ..................................................... કોને : .....................................................

ક્યારે : ..........................................................................................................

૨. ‘‘આપણે તો સાધુના ધર્મ પ્રમાણે અપમાનો સહન કરીને પણ સત્સંગ કરાવવો છે.’’

૩. ‘‘હું તો મહારાજને ભેળા લઈને આવ્યો છું.’’

૪. ‘‘આરામ તો હું મહારાજની મૂર્તિમાં અખંડ કરું છું.’’

૫. ‘‘તમે તો ભગવાન ભજવા અને ભજાવવા આવ્યા છો.’’

**પ્ર.૭. નીચેનામાંથી કોઈપણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યોના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી)** (૫)

૧. સુવર્ણ જયંતી  ૨. અજોડ વિદ્વત્તા  ૩. અક્ષરપુરુષોત્તમની ઝોળી

(   ) ૧. ....................................................................................................

....................................................................................................

૨. ....................................................................................................

....................................................................................................

૩. ....................................................................................................

....................................................................................................

૪. ....................................................................................................

....................................................................................................

૫. ....................................................................................................

....................................................................................................

**પ્ર.૮. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** (૫)

૧. યજ્ઞપુરુષદાસજીએ જીભાઈ કોઠારીને શું કહ્યું ?

....................................................................................................

૨. વડોદરામાં મંદિરે આવીને ફોજદારે શું કહ્યું ?

૩. ગુણાતીતાનંદ સ્વામીએ વાતો કરીને શું સમજાવ્યું ?

૪. ભાઈલાલભાઈએ કઈ યોજના તૈયાર કરી હતી ?

૫. યોગીજી મહારાજ માટે સ્વામીશ્રી શું કહેતા ?

**પ્ર.૯. નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો.** (૫)

૧. વડોદરાના મથુરભાઈ બોચાસણના કાશીદાસ જેવા હતા. [ ]

....................................................................................................

૨. પ્રથમ મંદિરની સેવામાં જોતજોતામાં પચાસ હજાર રૂપિયા લખાઈ ગયા. [ ]

....................................................................................................

૩. આચાર્ય લક્ષ્મીપ્રસાદજીએ કહ્યું, 'એને કોણ ચિઠ્ઠી આપે ?' [ ]

....................................................................................................

૪. બોચાસણ ગામના લોકોએ દરવાજાની જમીન આપવાની ના કહેવા માટે ધનજી મતાદારને મોકલ્યો. [ ]

....................................................................................................

૫. રણછોડ પટેલને ગાયના રૂપે ગંગાનાં દર્શન થયાં. [ ]

....................................................................................................

**પ્ર.૧૦. નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** **(૫)**

૧. ડુંગર ભક્તે માણ વગાડી ........................... ની કથા કરી.

૨. યજ્ઞપુરુષદાસજી અને ભગતજીના શિષ્ય મંડળના સંતો ભગતજીને ........................... સમજતા.

૩. કાર્તિક સુદ ........................... ના દિવસે ભગતજીએ દેહત્યાગ કર્યો.

૪. યોગી સ્વામી રોજ દેશની ........................... કાજે માળા ફેરવતા.

૫. સંવત ........................... માં નારાયણસ્વરૂપદાસજીની પ્રમુખ તરીકે વરણી થઈ.

**વિભાગ - ૩ : 'સત્સંગ પ્રારંભ' પરીક્ષાનાં પુસ્તકોના આધારે**

**પ્ર.૧૧ નીચે આપેલામાંથી કોઈપણ ત્રણ વિષયો પર ટૂંકનોંધ લખો. (દસ થી બાર લીટીમાં)** **(૧૨)**
**(મુખ્ય પરીક્ષામાં ત્રણ વિષયમાંથી દરેક વિષય ઉપર ટૂંકનોંધ લખવાની રહેશે.)**

૧. બે સ્વરૂપે દર્શન (ઘનશ્યામ ચરિત્ર) **અથવા**

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

૧. ભૂતિયો કૂવો (ઘનશ્યામ ચરિત્ર) **અથવા**

૧. ઘનશ્યામે હિંસા બંધ કરાવી (ઘનશ્યામ ચરિત્ર) **અથવા**

૧. ઘનશ્યામનો ગૃહત્યાગ (ઘનશ્યામ ચરિત્ર)

૨. યોગીજીને શું ગમે ? (યોગીજી મહારાજ) **અથવા**

૨. યોગીજી મહારાજનું કાર્ય (યોગીજી મહારાજ) **અથવા**

૨. યોગીજી મહારાજ અને યુવકો (યોગીજી મહારાજ)

૩. પૂજો ડોડિયો (કિશોર સત્સંગ પ્રારંભ) **અથવા**

૩. નાથ ભક્ત (કિશોર સત્સંગ પ્રારંભ) **અથવા**

૩. જોધો ભરવાડ (કિશોર સત્સંગ પ્રારંભ)

* * *